# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-03-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી રાજ્યની મુલાકાતે:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી રાજ્યની બે દિવસની મુલાકાતે આવનાર છે. આ દરમિયાન, 8 માર્ચ, એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે શ્રી મોદીની અધ્યક્ષતામાં નવસારીમાં વાંસી-બોરસી ખાતે ‘લખપતિ દીદી સંમેલન’ નું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીનાં હસ્તે રાજ્યની 25 હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને 450 કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવશે. આ સંમેલનમાં નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાની એક લાખ મહિલાઓ ભાગ લેશે.

-------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી:

રાષ્ટ્રિય રક્ષા યુનિવર્સિટીએ ગાંધીનગર પોલીસ માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી પોલીસ પ્રોજેક્ટ લૉન્ચ કર્યું છે. આ પ્રોજેક્ટથી ગાંધીનગર પોલીસને આધુનિક ટેકનોલોજી અને ડેટા-ડ્રિવન વ્યવસ્થાનો લાભ મળશે. ગાંધીનગર પોલીસના 400 અધિકારીઓ અને કર્મચારીઓએ ત્રણ દિવસ સુધી આ પ્રોજેક્ટ અંતર્ગત તાલીમ મેળવી હતી.  આ અભિયાનથી પોલીસ કામગીરી વધુ અસરકારક અને ટેકનોલોજી-સક્ષમ બનશે. આજે ગાંધીનગરમાં સફળ અમલ પછી, ટૂંક સમયમાં દેશભરના અન્ય રાજ્યોમાં પણ આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવશે.

-------------------------------------------------------------------------------------------

## કચ્છ કલેક્ટરે ચાર્જ સંભાળ્યો:

કચ્છ જિલ્લા કલેક્ટર તરીકે આનંદ પટેલે આજે વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો છે. કચ્છને પ્રકૃતિ અને સંસ્કૃતિથી સમૃદ્ધ જિલ્લો ગણાવીને નવનિયુક્ત કલેક્ટરે જણાવ્યું હતું કે, જિલ્લાની પ્રગતિશીલ માનસિકતાના લીધે ઉદ્યોગ, કૃષિ સહિતના ક્ષેત્રનો વિકાસ થયો છે. જિલ્લાના વિકાસની અવિરત પ્રક્રિયામાં સહભાગી બનવા માટેના તમામ પ્રયાસો ટીમ કચ્છના સહયોગથી કરીશું એવો વિશ્વાસ નવનિયુક્ત જિલ્લા કલેક્ટર આનંદ પટેલે વ્યક્ત કર્યો હતો.

(બાઇટ : જિલ્લા કલેકટર)

---

## જિલ્લા ભાજપ પ્રમુખ વરણી:

ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે વિવિધ જિલ્લા અને શહેરના પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવી છે. કચ્છના જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે દેવજીભાઇ વરચંદને રીપિટ કરવામાં આવ્યા છે.  ખેતી વ્યસાય કરતા દેવજીભાઈ કચ્છ ભાજપના ઉપ પ્રમુખ પદે સેવા આપી ચુક્યા છે. આજે જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે તેમના નામની જાહેરાત થતાં ઠેર ઠેરથી શુભેચ્છાઓ તેમને મળી રહી છે.

---

## સાંસદ જન્મ દિવસ:

કચ્છના સાંસદ વિનોદ ચાવડાના આજે જન્મદિવસ નિમિત્તે વિવિધ સંસ્થા, સંગઠનો અને મિત્ર વર્તુળો દ્વારા જિલ્લાભરમાં સેવાકીય કાર્યો સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. વિવિધ સ્થળોએ ગાયોને નિરણ, જરૂરિયાતમંદને રાશનકિટનું વિતરણ, વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી રહ્યું છે. જન્મદિવસની ઉજવણી નિમિત્તે વિવિધ સંસ્થાઓમાં દિવ્યાંગોને અને બાળકોને ભોજન કરાવવામાં આવ્યા હતા. જરૂરિયાતમંદ બહેનો આત્મનિર્ભર બને તે માટે સિલાઇ મશિન પણ આ તકે અર્પણ કરાયા હતા.

---

## ગૃહમાં કચ્છના પ્રશ્નો:

ગૃહમાં ગઇકાલે નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓના પ્રાથમિક શાળાના ઓરડાઓ અંગે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે જણાવ્યું હતું કે જિલ્લાની 216 શાળાના 950 વર્ગખંડો નવા નિર્માણ કરવામાં આવનાર છે આ પૈકી 643 વર્ગખંડોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે જ્યારે 307 વર્ગ ખંડોનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં આ ઓરડાઓ મંજૂર કરવામાં આવ્યા છે.

---

## રત્ત જા રૂંગા પુસ્તક:

ગુજરાત કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કાર વિજેતા કચ્છી સાહિત્યકાર વિશ્રામ ગઢવીની કચ્છી નવલકથા રત્ત જા રૂંગા ગુજરાતી અને હિન્દી ભાષામાં અનુવાદિત થઇ પ્રકાશિત થતાં કચ્છી ભાષા-સાહિત્યની પ્રતિષ્ઠા વધશે, તેવો સૂર વક્તાઓએ ભુજ ખાતે `રત્ત જા રૂંગા'નું ગુજરાતી અનુવાદ લોહીનાં આંસુ અને હિન્દી અનુવાદ `ખૂન કે આંસુ'ના  વિમોચન પ્રસંગે વ્યક્ત કરાયો હતો.  કચ્છની આગવી ઓળખ કચ્છી ભાષાનું ઉત્તમ સાહિત્ય ગુજરાતી-હિન્દી વગેરે ભાષાઓમાં  અવતરે તો કચ્છી ભાષાનું મૂલ્ય અંકાય છે ત્યારે કચ્છી નવલકથાનું ગુજરાતી અને હિન્દીમાં અનુવાદ થતા કચ્છી સાહિત્યકારોમાં ખુશી ફેલાઇ છે.

---

## આર્મ્સ ફાયરિંગ:

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૦૩ ઉપર ૦૮ માર્ચના આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે.  જેથી ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ પ્રવેશ કરવો નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં.

---